વાપી મહાનગરપાલિકા - વાપી
તા-વાપી, જી-વલસાડ
<u>સામાન્ય સભા</u>

જા.નં. વાપી મનપા/સેક્રે./વશી/૩૪/૨૦૨૬-૨૭ તા.૨૨/૧૦/૨૦૨૬

પ્રતિ,

.....

સભ્યશ્રી(તમામ), વાપી મહાનગરપાલિકા

<u>વિષય:- મહાનગરપાલિકા વાપીની સામાન્ય(સાધારણ)સભાની બેઠક બોલાવવા બાબત</u>

સવિનય જણાવવાનુ કે વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની મિટિંગ તા.૩૦/૧૦/૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ વાપી મહાનગરપાલિકા હસ્તકના મોરારજી દેસાઈ ભવનના બીજા માળે મીટીંગ હોલ ખાતે નીચેના કામોના નિકાલ માટે મળશે. જેમાં આપે સમયસર હાજર રહેવા વિનંતી.

અ.નં. કામનું નામ

1. ગત તા.૩૦/૦૯/૨૦૨૬ના રોજની સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.
2. તા.૧૫/૧૦/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકા હદમાં આવેલ મોજે-કરવડના જૂના રે.સ.નં.૨૯૯/પૈકી૧,નવા રે.સ.નં.૩૦૬ વાળી ૭૯૬૫.૦૦ ચો.મી. પૈકીની ૩૦૦૦.૦૦ ચો.મી. જગ્યા ફાયર વિભાગને નવા ફાયર સ્ટેશનના બાંધકામ હેતુસર જમીન ફાળવવા બાબત.
3. તા.૧૫/૧૦/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ મોજે-વટારના જૂના રે.સ.નં.૫૫૪, નવા રે.સ.નં.૧૪૯૩ વાળી ૪૭૦૭.૦૦ ચો.મી. અને મોજે-કરવડના જૂના રે.સ.નં.૧૬૦, નવા રે.સ.નં.૧૬૧૯ વાળી ૬૧૪૩.૦૦ ચો.મી પૈકી ૨૫૦૦.૦૦ ચો.મી વાળી જગ્યા કોમ્યુનિટી હોલ માટે વાપી મહાનગરપાલિકાને ફાળવવા બાબત.
4. તા.૧૫/૧૦/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શેરી સફાઇ અને ઝાડી કાપવા/ઉપાડવા વગરે માટે એજન્સીઓના એમપેનલમેન્ટ માટે રસની અભિવ્યક્તિ તેમજ એકત્રિત કચરાના પરિવહન માટે સાધનો અને વાહનો પુરા પાડવાનું કામ.(ટેન્ડર આઇ.ડી. ૩૩૦૯૦૦)
5. તા.૧૫/૧૦/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના આધારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝને મંજુરી આપવા તથા પ્રસિદ્ધ કરવા બાબત.
6. તા.૧૫/૧૦/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી જુથ પાણી પુરવઠા યોજનાનાં માળખાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાસેથી હવાલે મેળવવા તથા સંયુક્ત ઈન્ટેકવેલ અને પ્રાદેશિક પાણી પુરવઠાની જવાબદારીઓ નક્કી કરવા બાબત.
7. તા.૧૬/૧૦/૨૦૨૬ ની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧ થી વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની વિકાસ યોજનાની દરખાસ્તો સરકારશ્રીમાં સાદર કરવા બહાલી આપવા બાબત.

D.R. Patel
(દક્ષાબેન રાજેશભાઈ પટેલ)
મેયર
વાપી મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના:-

૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,વાપી મહાનગરપાલિકા તરફ જરૂરી જાણ થવા સારૂં